વડીલોને વંદન અભિનંદન



ગીરીશભાઈ કે. શાહ
(૧૯૪૩) મો. ૯૪૨૬૨૪૧૮૬૦

ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજ રોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

આગામી ૧૩ સપ્ટેમ્બરના રોજ યોજાનારી એક લોકસભા અને નવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાના ભાગરૂપે યોજાયેલી આ બેઠકમાં પ્રદેશ પ્રભારી શ્રી ઓમજી માથુરની ઉપસ્થિતિમાં પ્રદેશ નિરીક્ષકો અને જિલ્લાના આગેવાનો સાથે આ બાબતે પરામર્શ કરવામાં આવ્યો હતો.

સ્વ. લેખરાજભાઈ બચાણીને શ્રદ્ધાંજલી આપતા પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ

ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ કાર્યકર્તા એવા સ્વ. શ્રી લેખરાજભાઈ બચાણીના આજ રોજ થયેલ અવસાનથી ગુજરાત ભાજપાના સમગ્ર પરિવાર વતી શ્રદ્ધાંજલિ અર્પીછે.

સ્વ. શ્રી લેખરાજભાઈ બચાણી બાલ્યકાળથી આજ દિન સુધી તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને શાખા સાથે જોડાયેલા હતા. તેઓ જનસંઘમાં જિલ્લા પ્રમુખથી શરૂ કરી ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકેની સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવેલ. સમાજમાં રાષ્ટ્રભાવના અને સામાજિક કાર્ય કરવાની ભાવના ઉભી કરવી અને જાળવી રાખવી એ તેમના વ્યક્તિત્વ પરથી જાણી અને પ્રેરણા લઈ શકાય તેવી હતી, તેમ ફળદુજીએ જણાવ્યું હતું. અધ્યક્ષશ્રીએ તેઓશ્રીના દુઃખદ અવસાનથી સમાજે એક અદના અને શ્રેષ્ઠ કાર્યકર તેમજ સમાજ સેવક ગુમાવ્યો છે. જેની નોંધ લઈને તેમના કુટુંબીજનો પ્રત્યે સહાનુભુતિની લાગણી પ્રકટ કરી હતી.

મોડાસામાં સ્વાઈનફ્લુનો પોઝીટીવ કેસ મળતા ચકચાર : આરોગ્યતંત્ર હરકતમાં

મોડાસા, તા. ૨૨

મોડાસા શહેરમાં એક શખ્સને સ્વાઈનફ્લુ પોઝીટીવ આવતા શહેરીજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્યતંત્રએ પોઝીટીવ કેસ મળી આવતા દર્દીના રહેણાંક વિસ્તારમાં રહીશોનો સર્વે હાથ ધર્યો છે.

મોડાસા-માલપુર માર્ગ પર આવેલ સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય યુવાનને છેલ્લા એક અઠવાડીયાથી શરદી-ખાંસી તાવના લક્ષણો જણાતા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી પરંતુ રાહત ન થતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબે રીપોર્ટ કરતા દર્દીને સ્વાઈનફ્લુના લક્ષણો જણાતા તાબડતોબ અમદાવાદ ખાતે સારવાર માટે મોકલી આપ્યો હતો. તબીબોએ લક્ષણોના આધારે લેબોરેટરી પરિક્ષણ કરાવતા સ્વાઈનફ્લુનો રીપોર્ટ પોઝીટીવ આવતા મોડાસાના આરોગ્યતંત્રને જાણ કરતા આરોગ્યતંત્ર સતર્ક થઈ ગયું હતું અને મોડાસામાં દર્દીના પરિવારજનો તેમજ સોસાયટીના રહીશોનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ વિસ્તારના કોર્પોરેટર તારક પટેલે તુરંત કેસની ગંભીરતા જોતા સોસાયટીના આસપાસના વિસ્તારમાં દવાનો છંટકાવ કરાવ્યો હતો. જો કે આરોગ્ય વિભાગની ચકાસણી બાદ કોઈ પોઝીટીવ કેસ ન મળતા રાહતનો દમ લીધો હતો.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને અરવલ્લી જીલ્લાની સંકલન મીટીંગ યોજાઈ

અરવલ્લી જીલ્લા કચેરી ખાતે આજરોજ જીલ્લા કલેકટર બી. જે. ભટ્ટના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલનની મીટીંગ યોજાઈ હતી. આ મીટીગમાં જીલ્લાના વીવીધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. આ મીટીગમાં ભીલોડાના ધારાસભય અનીલભાઈ જોષીયારાએ અનેક પ્રશ્નો રજુ કર્યા હતા. જેથી તેમના પ્રશ્નોનું ઝડપી નીરાકરણ લાવવા કલેકટરશ્રીએ બાંયધરી આપી હતી, તેવુ અધિકારીઓએ જણાવ્યું હતું. આ સાથે કલેકટરે અધિકારીઓને પણ સુચન કરવામાં આવ્યુ હતુ કે જીલ્લાના લોકોની સમસ્યાનુ નીરાકરણ ઝડપી કરવામાં આવે. આ મીટીગમાં જીલ્લા કલેકટર બી. જે. ભટ્ટ, અધિક કલેકટર એ. બી. પટેલ તેમજ જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા.

પૂજન ડાન્સીંગ કલાસ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં પ્રજ્ઞા ગજ્જર દ્વારા સંચાલિત પૂજન ડાન્સીંગ કલાસ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે ગાયત્રી પરિવાર તેમજ લાયોનેસ કલબના સહયોગથી સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સતત ૧૪ વર્ષથી પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા યોજાતા આ જન્માષ્ટમીના કાર્યક્રમમાં બાળકોએ સુંદર ગીતો-નૃત્યો રજુ કર્યા હતા અને સમગ્ર વાતાવરણને કૃષ્ણ ભકિતમય બનાવી દીધું હતું. આ કાર્યક્રમમાં મનુભાઈ, આશાબેન સરવૈયા, મંદાબેન યાદવ, પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા દીપ પ્રાગટય કરાયું હતું. આ કાર્યક્રમમાં નાના ભૂલકાંઓએ સુંદર વેશભૂષા રજુ કરીને દર્શકોને ખુશ કરી દીધા હતા. કાર્યક્રમના અંતે સર્વે બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

પર્યાવરણ બચાવવા વિદ્યાર્થીએ ચિત્ર દોરી સંદેશો પાઠવ્યો

એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં માય અર્થ માય ડયુટી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

એ.એ. પટેલ કોમર્સ કોલેજ એન.એસ.એસ. યુનિટ અને ઝી ન્યૂઝ દ્વારા 'માય અર્થ માય ડયુટી' કાર્યક્રમ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ અને પેઈન્ટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી ત્યારબાદ રેલી યોજવામાં આવી હતી.

સેકટર-૨૩ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ઝી ન્યૂઝના સહયોગથી 'માય અર્થ માય ડયુટી' કાર્યક્રમ હેઠળ વૃક્ષારોપણ અને પેઈન્ટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. કોલેજના એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓ જોડાયા હતા કાર્યક્રમમાં પર્યાવરણ બચાવો, વધુ વૃક્ષ વાવો થીમ ઉપર પેઈન્ટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ ચિત્ર દોરી સંદેશ આપ્યો હતો કે આપણે આવનાર પેઢીને બચાવવી હશે તો પર્યાવરણને બચાવવું પડશે તેમજ વિદ્યાર્થીઓએ પર્યાવરણને બચાવવા દર ૩ વર્ષ વૃક્ષ વાવવા માટેની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી અને વૃક્ષને પરિવારના સભ્યની જેમ જતન કરવામાં આવશે તેવો સંકલ્પ કર્યો હતો.

પર્યાવરણની જાગૃતિ લાવવા માટે વિશાળ રેલીનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્લે કાર્ડ અને બેનરો દ્વારા સંદેશ પાઠવ્યો હતો. સમગ્ર કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડૉ. રણછોડ રથવી, ચૈતન્ય નિમાવત, અંજના નિમાવત, પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન કરતા ૧૫ની ધરપકડ કરાઈ

યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરો દ્વારા મહિલા સાથે બનતા બનાવને લઇને વિરોધ પ્રદર્શન કરી તોડફોડ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, આજરોજ તા. ૨૨-૮-૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ એનએસયુઆઈના કાર્યકર્તાઓ દ્વારા મહિલાઓ જોડે બનતા અભદ્ર અને છેડતીના બનાવોના વિરોધમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કેટલાય વર્ષોથી મહિલાઓ જોડે બનતા અભદ્ર, છેડતી તથા બળાત્કારના વધતા જતાં કિસ્સાઓ સમગ્ર સમાજને શોભમાં મુકે તેમ છે. ગુજરાત યુનિવર્સિટીમાં જ્યાં અધ્યાપિકાઓ પણ સુરક્ષિત ન હોય તો વિદ્યાર્થીનીઓની તો શું વાત કરવી? અધ્યાપકો દ્વારા જે છેડતીના બાનવો બન્યા છે તે સમગ્ર સમાજને શરમાવે તેમ છે.

યુથ કોંગ્રેસ તેમજ એનએસયુઆઈના માધ્યમથી યુવાનો, બેન, દિકરીઓ જોડે બનતા બનાવો સહેજ પણ સાંખી લેશે નહીં. યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ મહિલા સલામતી માટે અંત સુધી લડવા માટે તૈયાર છે. યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટની મીટીંગમાં જવાનો પ્રયાસ કરવામાં આવ્યો તથા પ્રશાસનને બગડીઓ આપી અને ગુજરાત યુનિવર્સિટીને તાળાબંધી કરી ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો. આવી હરકતોમાં સંડોવાયેલા સામે કડકમાં કડક પગલા લેવામાં આવે અને આવા લંપટ અધ્યાપકોને તાત્કાલીક પદભ્રષ્ટ કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન પાર્થિવરાજસિંહ કઠવાડીયા, વિષ્ણુ દેસાઈ, ઉપેન્દ્રસિંહ જાડેજા સહીત ૧૫ યુથ કોંગ્રેસ એનએસયુઆઈના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવેલ હતી અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ કાર્યકર્તાઓ જોડાયા હતા.

સ્વ. લેખરાજ બચાણીને મુખ્યમંત્રીની શ્રધ્ધાજંલિ

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ લેખરાજ બચાણીનું પાલનપુરમાં અવસાન થયું છે. તેમના નિવાસસ્થાને લાંબી માંદગી બાદ અવસાન થતાં ભાજપમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. લેખરાજ ૮૫ વર્ષના હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પૂર્વ વરિષ્ઠ ધારાસભ્ય અને પૂર્વ સાંસદ તથા ભાજપા અગ્રણી લેખરાજ બચાણીના દુઃખદ અવસાન અંગે ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાજંલિ પાઠવી છે. મુખ્યમંત્રીએ પાઠવેલા શ્રધ્ધાજંલિ સંદેશમાં લેખરાજ બચાણીએ ગુજરાતમાં ભારતીય જનસંઘના સમયથી વિધાન સભ્ય તેમજ વર્ષ ૨૦૦૦થી ૨૦૦૬ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે રહીને પ્રજાના પ્રશ્નોને વાચા આપનાર સંનિષ્ઠ જાગતિક પ્રજાસેવક-જનપ્રતિનિધિ ગણાવ્યા છે. ભાજપાના પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ કાર્યકર્તા એવા લેખરાજ બચાણીના આજરોજ થયેલ અવસાનથી ગુજરાત ભાજપાના સમગ્ર પરિવાર વતી શ્રધ્ધાંજલિ અર્પી છે.

ધો-૧૨ સાયન્સ સેમેસ્ટર-૧, ૩ની પરીક્ષાને લઈને તૈયારી

પરીક્ષા ૧૩મી ઓક્ટોબરથી જ લેવાશે : ૧૨મી સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલશે : કાર્યક્રમ ટૂંકમાં જાહેર

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા આગામી ૧૩મી ઓક્ટોબરથી લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે. વિદ્યાર્થીઓ ૨૫ ઓગસ્ટથી બોર્ડની વેબસાઈટ ઉપર ફોર્મ ભરી શકશે જેની છેલ્લી તા. ૧૨ સપ્ટેમ્બર રહેશે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ એક બાજુ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ પણે પૂર્ણ થઈ નથી ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૧ અને ૩ની બોર્ડની પરીક્ષા આગામી ૧૩મી ઓક્ટોબરથી લેવાની જાહેરાત કરી દેવામાં આવી છે. પ્રથમ સેમેસ્ટરના રિપીટર વિદ્યાર્થીઓએ ઓનલાઈન આવેદનપત્ર ભર્યા પછી અગાઉની માર્કશીટની નકલ, ૧૮ સપ્ટેમ્બર સુધી ફાઈલ સાથે રજુ કરવાની રહેશે. આ ઉપરાંત પરીક્ષા ફોર્મ ભરનાર વિદ્યાર્થીએ પરીક્ષા ફી પેટે રૂા. ૨૭૦ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફીનું ચલણ ભરી તેની નકલ ૧૮ સપ્ટેમ્બર સુધી બોર્ડમાં મોકલવાની રહેશે. જે વિદ્યાર્થીઓ અગાઉના વર્ષમાં સેમેસ્ટર-૩માં કોઈ વિષયમાં ગેરહાજર રહેલ હોય કે ગેરરીતી ન શિક્ષાના સંદર્ભમાં જે તે વિષયની પરીક્ષા આપવાની હોય તેવા વિદ્યાર્થીઓએ આવેદનપત્ર ભર્યા બાદ તેની પ્રિન્ટઆઉટ ઉપર શાળાના સહી-સિક્કા કરાવી બોર્ડમાં મોકલી આપવાની રહેશે ત્યાર બાદ જ તેમનાં પ્રવેશને માન્ય રાખવામાં આવશે.

પેટા ચૂંટણી : હજુ સુધી માત્ર એક ઉમેદવારીપત્ર ભરાયું છે

અમદાવાદ,તા. ૨૨

લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકોની પેટાચૂંટણીને લઈને રાજકીય ગરમી ચરમસીમા ઉપર છે ત્યારે માત્ર એક જ ઉમેદવાર તરફથી ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યું છે. ડિસા વિધાનસભા મતવિસ્તારમાં અપક્ષ ઉમેદવાર અશોકભાઈ બાલચંદભાઈએ ઉમેદવારી પત્ર દાખલ કર્યું છે. ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૭મી ઓગસ્ટ છે. અલબત્ત હજુ ઘણા દિવસો છે પરંતુ ચૂંટણી પ્રક્રિયા તીવ્ર બની ગઈ છે. પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા ૨૦મીથી શરૂ થઈ હતી જે ૨૭મી સુધી ચાલશે.

કોંગ્રેસે પણ તમામ બેઠકો ઉપર તમામ તાકાત લગાવી દીધી છે. જ્યાં ચુંટણી યોજાનાર છે તેમાં ૧૩-ડિસા, ૫૩-મણિનગર, ૬૬-ટંકારા, ૮૧-ખંભાળિયા, ૮૯-માંગરોળ, ૧૦૦-તળાજા, ૧૧૫-માતર, ૧૧૨-આણંદ અને ૧૩૧-લિમખેડા (એસટી)નો સમાવેશ થાય છે. ૨૦-વડોદરા લોકસભા બેઠક માટેની પેટાચુંટણી પણ યોજાનાર છે. ૧૩મી સપ્ટેમ્બરે આ તમામ જગ્યાઓએ મતદાન યોજાશે. આ વર્ષે મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચુંટણીમાં ભાજપના ઉમેદવારોએ શાનદાર જીત મેલવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા અને વારાણસી બન્ને બેઠકોથી જીતી ગયા હતા. મોડેથી મોદીએ વારાણસી બેઠક જોળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. જેથી વડોદરા લોકસભા બેઠક માટે પેટાચુંટણી યોજાઈ રહી છે. લોકસભા ચુંટણીમાં ભાજપે તમામ ૨૬ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો.

કોંગ્રેસ અને ભાજપ બન્ને ઉમેદવારોને લઈને તૈયારી કરી ચુક્યા છે.જેથી ઉમેદવારોને લઈને ચર્ચાનો દોર ચાલી રહ્યો છે. ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયામાં હવે ધીમીગતિએ તેજી આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ચૂંટણીને લઈને આચારસંહિતા પહેલાથી જ અમલમાં છે.

ગૌતમ અદાણી અપહરણ કેસમાં ચોથીએ સુનાવણી

અમદાવાદ, તા. ૨૨

જાણીતા અને વિવાદાસ્પદ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અપહરણ કેસમાં સંકળાયેલા આરોપી ફઝલુ રહેમાનના વકીલ દ્વારા ડિસ્ક્લોઝર અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં રજુઆત કરાઈ છે કે આરોપી સામે ગુનો પુરવાર થતો નથી. કોર્ટે તેમની ડિસ્ક્લોઝર અરજી સ્વીકારી અરજીની વધુ સુનાવણી આગામી ૪થી સપ્ટેમ્બરના રોજ નિયત કરી છે. આ કેસમાં પુરાવાની ચકાસણી બાદ ચાર્જફ્રેમ કરવા અંગેની કાર્યવાહી થવાની છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કેસમાં પાંચ આરોપીઓ નિર્દોષ છુટેલા છે.

જાણીતા અને વિવાદાસ્પદ રહેલા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનું વર્ષ ૧૯૯૮માં ગેંગસ્ટર ઈરફાન ગોગાના કહેવાથી ફઝલુ રહેમાને અમદાવાદના રાજપથ કલબ પાસે અપહરણ કર્યું હતું, પછી દુબઈથી ૧૫ કરોડની ખંડણી વસુલાયા બાદ અદાણીનો છુટકારો થયો હતો. એક કરતાં વધુ કેસમાં સંડોવાયેલા અને ખુંખાર આરોપી ફઝલુ રહેમાનને અન્ય ગુનામાં સજા થયેલી છે તે હાલ તિહાર જેલમાં હતો પરંતુ અહીં અદાણી અપહરણ કેસમાં મુદત હોવાથી તેને ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ લાવવામાં આવ્યો હતો. આ કેસમાં પુરાવાની ચકાસણી પછી ચાર્જફ્રેમ જેવી મહત્વની કાર્યવાહી થવાની છે. કેસમાં સંકળાયેલા આરોપી ફઝલુ રહેમાનના વકીલ દ્વારા ડિસ્ક્લોઝર અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં રજુઆત કરાઈ છે કે આરોપી સામે ગુનો પુરવાર થતો નથી. કોર્ટે તેમની ડિસ્ક્લોઝર અરજી સ્વીકારી અરજીની વધુ સુનાવણી આગામી ૪થી સપ્ટેમ્બરના રોજ નિયત કરી છે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં અગાઉ સંડોવાયેલા પાંચ આરોપીઓ નિર્દોષ છુટી ગયા હતા.

માતૃભાષા અભિયાન દ્વારા આવતીકાલે 'નર્મદ-મેઘાણી' પર્વનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

માતૃભાષા અભિયાન દ્વારા તા. ૨૪મી ઓગષ્ટે સાંજે ૫.૩૦ વાગે અમદાવાદના લો ગાર્ડન પાસે આવેલ નિર્માણ ભવન ખાતે 'નર્મદ-મેઘાણી' પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવિણ લહેરીના પ્રમુખ સ્થાને યોજાનાર આ પર્વમાં શ્રેષ્ઠ શિક્ષક અને શ્રેષ્ઠ બાળ કિશોર સાહિત્ય સર્જકનું સન્માન કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'અર્વાચનોમાં આદ્ય' અને 'નવ યુગનો પ્રહરી' નર્મદ ઉર્ફે નર્મદાશંકર લાલશંકર દવે તેમજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મ પર્વ અંતર્ગત માતૃભાષા અભિયાન દ્વારા નર્મદ-મેઘાણી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંજયભાવે અને મેઘશ્રી ભાવે દ્વારા ઝવેરચંદ મેઘાણીનો કથા સ્વરૂપે પરિચય આપવામાં આવશે.

વેજલપુરની સ્કુલનો ગેટ પડી જતા એકનું મોત થયું

વિદ્યાર્થીના મોતથી વાલીઓ લાલઘૂમ : અન્ય બે વિદ્યાર્થીને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા : તંગદિલી

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં આવેલી આરઆર ત્રિવેદી હાઈસ્કુલનો ગેટ ધરાશાહી થતા બે વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું જ્યારે એક વિદ્યાર્થીની સારવાર ચાલી રહી છે. જેનાથી ઉશ્કેરાયેલા વાલીઓએ શાળામાં તોડફોડ કરી હતી તેમજ વાહનોને આગ લગાવી હતી. મામલો વધુ બિચકતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરની શાળાઓની માઠી દશા બેઠી હોય તેવું લાગી રહ્યું છે હજી ગઈકાલે ચાંદલોડિયાની શાળામાં એક વિદ્યાર્થી દ્વારા બે વિદ્યાર્થીઓ ઉપર જીવલેણ હુમલો કર્યાની ઘટના શાહી પણ સુકાઈ નથી ત્યારે આજે શહેરના વેજલપુર વિસ્તારમાં આવેલી આરઆર ત્રિવેદી હાઈસ્કુલનો ગેટ ધરાશાહી થતા ગેટ નીચે બે વિદ્યાર્થીઓ દટાઈ હતી. એક સ્કુટરને પણ આગ લગાવવામાં આવી હતી મામલો વધુ બિચકતા પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને મામલો થાળે પાડ્યો હતો. જો કે શાળાની ગંભીર બેદરકારી પ્રત્યે વાલીઓએ પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. આચાર્યની વાત તો એ છે કે શાળામાં આટલી ગંભીર ઘટના બની હોવા છતાં શાળાનો એક પણ ટ્રસ્ટીએ કેમ્પસની કે હોસ્પિટલમાં વિદ્યાર્થીઓની મુલાકાત લીધી ન હતી. જેના કારણે શાળાના ટ્રસ્ટીઓ સામે લોકોમાં ઉગ્ર રોષ વ્યાપી ગયો હતો. મામલાની ગંભીરતા જોતાં આવનારા દિવસોમાં વિવાદ વધુ વકરે તેવી આશંકા સેવાઈ રહી છે.

હાજર ન રહેનારાને વધુ તક નહીં અપાય

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એપ્રિલ-૨૦૧૪માં લેવાયેલ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ ઉપસ્થિત રહેલ જે ઉમેદવારોએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરેલ હતી તેમના માટે બોર્ડ દ્વારા ઉત્તરવહી અવલોકનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે કેટલાંક વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા કોલલેટર ન મળ્યો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી જેના પગલે સંજોગોવસાત જે વિદ્યાર્થીઓને કોલ લેટર ન મળેલ હોય તેવા વિદ્યાર્થીએ બોર્ડની વેબસાઈટ **avlokan.gseb.org** પરથી પોતાનો બેઠક નંબર નાખી કોલ લેટર મેળવી લઈ આવતીકાલ સુધી બોર્ડની કચેરી ખાતે હાજર રહેવાનું રહેશે.

શબ્દાવલી - ૫૪૮૩



આડી ચાવી

૧. અપમાન કરવું, ... કરવું(૪)
૪. ખર્ચ-આવકનો અંદ્યજપત્ર (૩)
૬. વરસાદ કે તાપથી બચવા નખાતું મીણીયા જેવું કાપડ (૪)
૭. ... કરવો, વસ્તુઓ ફેલાવવી (૩)
૯. પાણીની વાછટ, ફરફર(૩)
૧૧. એક ધાન્ય, કમોદ (૨)
૧૩. લાતથી મારવુ, ... કરવું(૫)
૧૪. ઘરની આગળનો ખુલ્લો ભાગ (૨)
૧૬. રથનો અસવાર (૨)
૧૭. 'મીટ'નો શબ્દ ઊંધો (૨)
૧૮. તલ્લીન, મગ્ન (૨)
૧૯. મોટો પ્રસંગ (૩)
૨૧. કશું જ ના આવડે તેવો(૩)
૨૨. ભાંગેલુ (૨)

ઊભી ચાવી

૧. ઝૂંટવી લેવું, ... કરી જવું(૩)
૨. ઠગારો, ધૂતી જાય તેવો(૩)
૩. તિરાડ (૨)
૪. મોંમા આવેલ દાંતનું ચોકઠું (૩)
૫. ... કરવી, ટપારવું (૩)
૮. જર્જરીત કાપડ પર થીગડા માર્યા હોય તેવું (૬)
૧૦. સળ, કરચલી (૪)
૧૧. જુગટુ (૩)
૧૨. ખટમુધુરું (૪)
૧૩. સ્વાર્થ, ખપ (૩)
૧૫. સોનું, કંચન (૩)
૨૦. ફાયદો, લાભ (૨)

શબ્દાવલી ૫૪૮૨ના જવાબ

આડી ચાવી :- (૧) કુરૂક્ષેત્ર (૩) ખલાસી (૬) સરગમ (૭) કફન (૮) લવ (૯) શ્રીફળ (૧૧) ગપ (૧૩) આમુખ (૧૫) વીતરાગ (૧૭) ડમરૂ (૧૯) મહેતલ (૨૦) તપોવન (૨૧) લમણા

ઊભી ચાવી :- (૧) કુપ (૨) ક્ષેત્રફળ (૩) ખરલ (૪) લાગવગ (૫) સીમ (૭) કફ (૯) શ્રીદેવી (૧૦) સમુ (૧૨) પતરૂ (૧૩) આગમન (૧૪) ખડતલ (૧૬) તરોપો (૧૮) મલમ